
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રભુ, કેરી હજુ આવી નથી ને..તમે હીટ મોકલી દીધી.. આવું કરવાનું...??

# મહુડી મંદિર : ૧૦ લાખના સોનાના હાર કબ્જે

## સોનું વેચી આરોપી નિલેશ મહેતા ગાડી લાવ્યો અને પુત્રવધુના દાગીના બનાવ્યા તો અન્ય આરોપીએ ઘરખર્ચમાં રૂપિયા વાપર્યા



ગાંધીનગર,તા.૧૭
ગાંધીનગરના માણસા શ્રી ઘંટાકર્ણ મહાવીર મંદિર પ્રકરણમાં બે દિવસના રીવીઝન રીમાન્ડ દરમિયાન એલસીબી પોલીસે આરોપી નિલેશ મહેતા પાસેથી બે સોનાના હાર જેનું વજન ૨૧૦ ગ્રામ કિ.રૂ.૧૦ લાખ ૯ હજારના કબ્જે કર્યા છે. જયારે આરોપી સુનિલ મહેતાના મોબાઈલ ફોનમાંથી ૨૪ તોલા સોનાની રણી બાબતના મહત્વના પુરાવા મળી આવ્યા છે. જયારે પોલીસે આરોપીના રિમાન્ડ પુરા થતા જેલ હવાલે મોકલી દીધા છે. મળતી વિગત મુજબ મહુડી મંદિરના બે ટ્રસ્ટીઓ સોનાની વરખની ડોલ અને સોનાની ચેઈન તેમજ રોકડની ચોરી કરતા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. આ મુદ્દે પોલીસ કેસ થતા પોલીસે તપાસ હાથ ધરતા પોલીસે નિલેશ મહેતા અને સુનિલ મહેતાને દબોચી લીધા હતા. પોલીસે તેઓના રીમાન્ડ મેળવી તપાસ કરતા રૂ.૪૫ લાખના સોનાની ચોરી કરી પૈસા મોજશોખમાં પુરા કરી દીધા હતા.જેમાં સોનું વેચી એક આરોપી નિલેશ મહેતા ગાડી લાવ્યો હતો અને પુત્રવધુના દાગીના બનાવ્યા હતા.જયારે બીજાએ ઘરખર્ચમાં નાણા વાપર્યા હોવાનું સામે આવ્યું છે. મહુડી મંદિરના ભંડારામાંથી ૭૦૦ ગ્રામ સોનાની ચોરી કરીહતી. આરોપીઓએ મંદિરનું સોનુ હોવાનું કહી ઓગાળી લગડી બનાવી રૂ.૧૮ લાખમાં લગડી વેચી રૂપીયા સરખા ભાગે વેચી દીધા હતા. ત્યારે પોલીસે રૂ.૪૫ લાખ પૈકી રૂ.૧૮ લાખનો તાળો મેળવ્યો હતો. જયારે બાકીના ૨૭ લાખના સોના સુધી પોલીસ પહોંચી શકી નથી. પોલીસને વધુ બે દિવસના રીવીઝન રીમાન્ડ દરમિયાન પોલીસે આરોપી નિલેશ મહેતા પાસેથી ૨૧ તોલા સોનાના બે હાર કબ્જે કર્યા છે. જયારે સુનિલ મહેતાના ફોનમાથી ૨૪ તોલાની સોનાની રણી અંગે મહત્વના પુરાવા મળતા પોલીસે તપાસ તેજ કરી છે.

## ડભોડા શ્રી એમ એચ. વિધા મંદિર ખાતે તાલુકા કક્ષાની સ્ટેમ કિવઝ ૨.૦નું આયોજન કરાયું



ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર અને નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગર ધ્વારા તાલુકા કક્ષાની કક્ષાની STEM ક્વિઝ ૨.૦ નું આયોજન શ્રી એમ.એચ. વિદ્યામંદિર, ડભોડામા કરવામા આવ્યુ. આ પ્રસંગે શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. વિનોદકુમાર બી. પાંડે દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને STEM ક્વિઝ ૨.૦ અંગે ની માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના શિક્ષકશ્રી ચંદ્રકાંતભાઈ પટેલ, દેવાંશીબેન પટેલ અને વિજયસિંહ બિહોલા દ્વારા STEM ક્વિઝ ૨.૦ નું સંચાલન કરવામા આવ્યુ હતું.

# પ્રાંતિયા ગામની સીમમાં ભંગારના વેપારીના ઘરમાંથી રૂ.૪ લાખની ચોરી

## પરિવાર બહાર સુઈ રહ્યો હતો અને ચોરી : દિવાલને કાંણુ પાડી તસ્કરો રૂમમાં પ્રવેશ્યા

ગાંધીનગર, તા.૧૭
ગાંધીનગરના પ્રાંતિયા ગામની સીમમાં પાલજ પાટીયા બ્રીજ નજીક ખેતરમાં રહેતો પરિવાર મકાનને બહારથી બંધ કરી મીઠી નીંદર માણી રહ્યો હતો.ત્યારે રાત્રીના સમયે દિવાલને કાંણુ પાડી ઘરમાં પ્રવેશી રૂમમાં મુકેલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડા મળી કુલ રૂ.૪ લાખની ચોરી કરી નિશાચરો ગાયબ થઈ ગયા છે. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પ્રાંતિયા ગામના ખેતરમાં રહેતા ગોરધનભાઈ કનેરામ ખત્રી પોતાના પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં પત્ની,દિકરી અને નાનો ભાઈ છે. તેઓ પરિવાર સાથે ઘરે ભંગાર સરખો કરી રહ્યા હતા. તે સમયે તેઓની સાથે કામ કરતા મનોહરસિંહ પણ સાથે હતા. જયારે રાત્રીના એક વાગે ઘરના બંને રૂમના દરવાજાને તાળુ માર્યા વિના બંધ કરી ઘરની બહાર સુઈ ગયા હતા. સવારે ઉઠીને જોયુ તો એક રૂમનો દરવાજો ખુલ્લો હતો. તેમ જ તિજોરી પણ ખુલ્લી હાલતમાં હતી અને તેની અંદરના ખાના પણ ખુલ્લા હતા. જેમાં તિજોરીના ચોર ખાનામાં તપાસ કરતા સોનાનું મંગળસુત્ર આશરે એક તોલા વજનનું કિ.રૂ.૬૦ હજાર, એક ચાંદીનો કમરમાં પહેરવાનો કંદોરો આશરે ૮૫૦ ગ્રામ વજન કિં. ૪૪ હજાર તેમજ રોકડા રૂ.૨ લાખ ૯૬ હજાર મળી આવ્યા ન હતા. જેથી રાત્રીના સમયે કોઈ ચોર શખ્સે મકાનની દિવાલની અંદર કાંણુ પાડી ઘરમાં અંદર પ્રવેશી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૪ લાખની ચોરી થતા ગોરધનભાઈ ખત્રીએ ડભોડા પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# સે-૭/એમાં બંધ મકાનમાં રૂ.૧.૮૧ લાખની ચોરી

## બારીની ગ્રીલ તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈ ફરાર

ગાંધીનગર, તા.૧૭
શહેરના સેક્ટર-૭ એ માં બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી રૂ.૧.૮૧ લાખની ચોરીને અંજામ આપ્યો છે. બારીની ગ્રીલ નીકાળી ઘરમાં પ્રવેશી પ્રથમમાળે બેડરૂમમાં રહેલી તિજોરી અને કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂ.૩૦ હજાર મળી કુલ રૂ.૧.૮૧લાખની મત્તા ચોરી કરી અજાણ્યા શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ આદરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૭ એ પ્લોટ નં.૨૭૨-૧ ખાતે રહેતા રાજકુમાર ઉર્ફે રાજુભાઈ જ્ઞાનચંદ જૈન (ઉં.૬૨) પરિવાર સાથે રહે છે. તેઓ કંસ્ટ્રકશનના વેપાર સાથે સંકળાયેલ હતા. પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી નિવૃત જીવન પસાર કરે છે. તેમના પરિવારમાં પુત્ની, પુત્રવધુ અને દિકરીનો સમાવેશ થાય છે. ગઈ તા.૧૪.૪.૨૩ ના રોજ સવારના નવ વાગે મકાનને લોક મારી પરિવાર સાથે અમદાવાદ ગાયત્રી સોસાયટીમાં આવેલા મકાનમાં રહેવા માટે ગયા હતા. સેકટર-૭માં આવેલા મકાનમાંથી ઘરવખરીનો સામાન અમદાવાદ બદલવાનો હોવાથી તા.૧૬.૪.૨૩ ના રોજ સાંજના પાંચ વાગે તેઓ પત્ની અને નાના ભાઈ અને મિસ્ત્રી સાથે આવ્યા હતા. મકાનના મુખ્ય દરવાજાનું લોક ખોલીને જોયુ તો બેઠકરૂમમાં મુકેલા સોફાસેટ ઉપર બારીની ગ્રીલ પડી હતી. જેથી મકાન માલિકે બારી પર લાગેલી મચ્છર બારી ખોલીને જોતા બારીની ગ્રીલ તોડીને નીકાળી દીધી હતી. જેથી તેઓને ઘરમાં ચોરી થઈ હોવાનું લાગ્યું હતું. જેથી તેઓએ ઘરમાં તપાસ કરતા પ્રથમ માળે આવેલા બંન્ને બેડરૂમમાંથી એક બેડરૂમમાં લાકડાનું કબાટ ખુલ્લી હાલતમાં પડ્યું હતું. જયારે બીજા રૂમમાં રાખેલા લાકડાનું કબાટ તેમજ તિજોરી ખુલ્લી હાલતમાં હતી. જયારે સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. મકાન માલિકે તપાસ કરતા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ જણાઈ ન હતી. ચાંદીની પાયલ જોડ-૭, ચાંદીના સિક્કા નંગ-૧૦, ઓનીડા કંપનીનો મોટીસાઈઝનો સિક્કો નંગ-૧,સોનાના નાના સિક્કા નંગ-૮, સોનાની વીંટી નંગ-૩, સોનાની બુટ્ટી જોડ-૧ તેમજ રૂ.૩૦ હજાર રોકડા મળીકુલ રૂ.૧.૮૧.લાખની મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે.



સેક્ટર-૫-સી માં રખડતા ઢોરોનો ત્રાસ વધતા વસાહતીઓએ સેક્ટરની ફરતે બનાવવામાં આવેલી દિવાલમાં થાંભલા નાંખ્યા હતા. આ થાંભલા છેલ્લા કેટલાક દિવસોમાં ચોરાઈ ગયા છે જેના કારણે સેક્ટરમાં પુનઃ રખડતા ઢોરોનો ત્રાસ વધ્યો છે.

# સાઈ કેમ્પસ ખાતે વિવિધ રમતોના તાલીમ કોર્ષની જાહેરાતની જોવાતી વાટ

ગાંધીનગર તા.૧૭
ઉનાળુ વેકેશનનો સમયગાળો ઢુકડો આવતાં જ શહેરમાં વિવિધ રમતગમત પ્રવૃત્તિ હવે વેગવંતી બનતી જઈ રહી છે. ગાંધીનગરના સેક્ટર-૧૫ સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વેસ્ટર્ન રિજનલ સેન્ટર ખાતે દર વર્ષે વેકેશન દરમ્યાન પે એન્ડ પ્લે સ્કીમ અંતર્ગત એથ્લેટીક્સ, સ્વિમિંગ, કબડ્ડી, ક્રિકેટ, હેન્ડબોલ અને બેડમિન્ટન જેવી વિવિધ રમતોના તાલીમ કોર્સનું આયોજન કરવામાં આવતું હોય છે પરંતુ આ વર્ષે હજુ સુધી આ પ્રકારના કોઈ તાલીમ કોર્સની જાહેરાત કરવામાં આવી નથી તેથી શહેરના ઉગતા ખેલાડીઓ અને બાળકો આ જાહેરાતની કાગડોળે રાહ નિહારી રહ્યાં છે. મોટે ભાગે શાળા-કોલેજના વેકેશનના પ્રારંભ પહેલાં જ આ પ્રકારની જાહેરાત કરવામાં આવતી હોય છે અને તેમાં નિયમિત અને અનિયમિત ખેલાડીઓ પણ ભાગ લઈને તાલીમ મેળવવામાં રસ ધરાવતાં હોય છે. જોકે સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર સાઈ કેમ્પસ ખાતે સ્વિમિંગની તાલીમ માટે તો નજીકના દિવસોમાં જ જાહેરાત થઈ શકે છે. આ ઉપરાંત સાઈ કેમ્પસને પેરા એક્સેલન્સ સેન્ટર તરીકે વિકસાવાઈ રહ્યું હોવાથી પેરાએથ્લેટિક્સની તાલીમ પણ શરૂ થઈ શકે છે. જોકે ક્રિકેટ જેવી લોકપ્રિય રમત સહિત હોકી, જિમ્નાસ્ટિક વગેરે માટે હવે કોઈ શક્યતા જણાતી નથી. જોકે બેડમિન્ટનની રમત માટે જુના કોચ નિવૃત્ત થયાં બાદ તાજેતરમાં જ નવા કોચની નિમણૂંક થવા પામી છે તેથી તેને પણ પે એન્ડ પ્લેમાં સામેલ કરાય તેવી શક્યતા જણાઈ રહી છે. સાઈ કેમ્પસ ખાતે પે એન્ડ પ્લેની જાહેરાત અંગે શહેરના ઉગતા ખેલાડીઓ અને બાળકો સહિત નિયમિત - અનિયમિત ખેલાડીઓ કાગડોળે રાહ જોઈને બેઠાં છે.

# આજે દહેગામમાં વિકાસ યોજનાઓના અમલીકરણને લઈ સાંસદ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૭
ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે આજે સાંસદ હસમુખભાઈ પટેલની અધ્યક્ષતામાં ચાલતી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણ ઉપરાંત રાજય સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણને લઈ ખાસ સમીક્ષા બેઠક યોજવામાં આવી છે. સાંસદ હસમુખભાઈ પટેલની અધ્યક્ષતામાં સવારે ૧૦.૩૦ વાગે મળનારી આ બેઠકમાં સાંસદ આદર્શ ગ્રામ યોજનાની સમીક્ષા ઉપરાંત કેન્દ્ર પુરસ્કૃત વિવિધ યોજનાઓ જેવી કે પી.એમ. આવાસ યોજના, પી.એમ. જે.વાય, જનની સુરક્ષા યોજના, સંજીવની યોજના, સર્વ શિક્ષા અભિયાન થયેલ કામગીરી સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, ઉપરાંત વિવિધ યોજનાના અમલીકરણ અધિકારીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહેશે.


# અમદાવાદ-વડનગર બસમાંથી મુસાફરના મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૧૭
શહેરના સેકટર-૧૧ એસ.ટી.ડેપો પ્લેટ ફોર્મ નં-૭ પર અમદાવાદ-વડનગર બસમાંથી નીચે ઉતરતા સમયે કોઈ અજાણ્યો શખ્સ શર્ટના ખીસ્સામાં રહેલો મોબાઈલ ફોન નજર ચુકવી કોઈ શખ્સે સેરવી લીધો હતો. મોબાઈલ ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંધેજા ગામમાં રહેતા દિનેશ સોંલકી પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે ઈન્ટ્રાએકસર કંપનીમાં મશીન ઓપરેટર તરીકે નોકરી કરે છે. જયારે તેઓ ઓપો કંપનીનો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હતા. ગતરોજ સવારે ઘરેથી એસટી બસમાં બેસી સંબંધીના ઘરે અમદાવાદ ગયો હતો.

બપોરના સાડા ત્રણ વાગે સંબંધીના ઘરેથી અમદાવાદ - વડનગર બસમાં બેસી પરત રાંધેજા આવવા નીકળ્યો હતો. જયારે એસટી ડેપો ખાતે બસ બપોરના ચાર વાગે આવી જતા પ્લેટ ફોર્મ નં.૭ સામે નીચે ઉતર્યા હતા. ત્યારબાદ શર્ટના ખીસ્સામાં રહેલ મોબાઈલ ફોન લેવા જતા મોબાઈલ ન હતો.જેથી બસમાં બેઠેલા તેમજ નીચે ઉતરેલા મુસાફરોને મોબાઈલ અંગે પુછપરછ કરી હતી. પરંતુ કોઈને મોબાઈલ અંગે જાણ ન હતી. બસમાં શર્ટના ઉપરના ખીસ્સામાંથી કોઈ શખ્સે મોબાઈલ ફોન નજર ચુકવી સેરવી લીધો હોવાથી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# વિદાય/શુભેચ્છા સમારંભ યોજાયો



મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ ૩૦ પી.આર.ઠકકર વિધા વિહાર મગોડી ખાતે ધોરણ ૧૦ના ગણિત વિષય નુ પરિક્ષણ કાર્યે જ પૂર્ણ થયે ૨૦૨૩ માં વયનિવૃત્ત થતા ૪ શિક્ષક ભાઈઓ ને શાળાના આચાયયશ્રી મનુભાઈ આર પ્રજાપતિ સાહેબ ના અધ્યક્ષ સ્થાને શ્રીફળ-સાકર તેમજ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ આ કાર્યક્રમ માં કુલ ૧૫૦ શિક્ષક ભાઈ બહેન ના સહકાર થી થયેલ હતો શુભેચ્છા લેતા ૪ શિક્ષકોએ ધન્યતા અનુભવી અને સૌએ દીર્ઘાયુ તેમજ નિરોગી જીવન ના આશિર્વાદ આપ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયે અલ્પાહાર તેમજ કોલ્ડ્રીંક્સ આપવામાં આવ્યા હતા આ સુંદર કાર્યક્રમ નુ આયોજન શાળાના વ્યાયામ શિક્ષક શ્રી જે બી ચૌધરીને કર્યું હતુ

## ખૂણેખાંચરેથી

● આજે જિલ્લાની વિવિધ કચેરીઓમાં મુલાકાતીઓ મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની ૧૧ બેઠકો પર આજે ગ્રામ સ્વાગતના કાર્યક્રમો યોજાયા હતા.

● ગાંધીનગર શહેરમાં સે. ૨૫ બ્રહ્મસમાજની બેઠક મળી હતી.

● વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ કલોલ દ્વારા તાજેતરમાં ધમાણસા ખાતે બેઠકનું આયોજન કરાયુ હતુ.

● જાયન્ટ્સ ગૃપ ધમાસણાનો શપથવિધિ સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો.

● સેકટર-૭ના બંધ મકાનમાંથી તસ્કરે રૂ. ૧.૮૧ લાખની ચોરી કર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

● પ્રાંતિયા ગામમાં પરિવાર ઘરની બહાર સૂતો હતો અને તસ્કરો ઘરમાંથી ૪ લાખની મત્તા ચોરી ગયા.

● સે. ૨૧માં કપડાની દુકાન સામે પાર્ક કરેલ એક્ટીવાની ચોરી થવા પામી છે.

● દહેગામ લિટર એન્જલ ઈન્ટરનેશનલ સ્કૂલમાં સાયન્સ અને ડ્રાફ્ટ પ્રદર્શન યોજાયુ.

● ગાંધીનગરમાં બેકાબુ બનેલી કારે રસ્તા પર ખાટલામાં સૂતા પિતા-પુત્રને અડફેટે લીધાની ઘટના સે. ૨૧ પોલીસમાં નોંધાઈ છે.

● આલમપુરમાં બંધ ગાડીમાં દારૂ રાખી વેચાણ કરતો ઈસમ ઝડપાયો.

● ટીંટોડા ગામે જુગાર રમતા બે શકુનિઓ ૨૪ હજારની રોકડ સાથે ઝડપાયા.

● ગાંધીનગરમાં બસમાં બેઠેલા યુવાનનો મોબાઈલ ચોરાયાની ઘટના નોંધાઈ છે.

● કલોલમાં ગાળો બોલવા બાબતે ઠપકો આપતાં આધેડ પર ત્રણ શખ્સો લાકડીના ધોકા લઈ તુટી પડ્યાની ઘટના પોલીસ દફતરે નોંધાઈ છે.

● દહેગામ તાલુકાના જીંડવા ગામે ડીપીમાં આગ લાગતાં વીજ પુરવઠો ખોરવાયો.

● ગાંધીનગર મનપાને મિલ્કતવેરા પેટે નવા વર્ષે અત્યાર સુધીમાં રૂ. બે કરોડની આવક થઈ છે.

● માણસા માર્કેટયાર્ડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની વેપારી વિભાગની ચાર બેઠકો માટે આજે યોજાયેલ મતદાનમાં ૧૦૦ ટકા મતદાન થયુ છે. મતગણતરી ૧૮મીએ સવારે નવ વાગે હાથ ધરાશે.

● ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની ફરિયાદો પુનઃ શરૂ થઈ જવા પામી છે.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરની સેક્ટર-૨૩ શાખાના પ્રમુખપદે મંથન ભટ્ટ



ગાંધીનગર, તા.૧૭
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરની સેક્ટર-૨૩ શાખાના પ્રમુખ પદે મંથન ભટ્ટ નિમણૂંક થવા પામ્યા છે. જે બદલ સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર વતી અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.



આઈઆઈટી-ગાંધીનગર ખાતે "જી-૨૦ ઈગ્નાઈટ"નું આયોજન - ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી દ્વારા તા.૧૫ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ધોરણ ૧૦થી ૧૨ના શાળાના વિદ્યાર્થીઓ માટે અનન્ય રીતે ડિઝાઈન કરેલ 'G20-Ignite'નું આયોજન કર્યું હતું. શાળાના સેંકડો વિદ્યાર્થીઓએ તેમની સાથે માતા-પિતા, શિક્ષકો અને વાલીઓએ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) સાથે જોડાવા અને આઈઆઈટી-ગાંધીનગરના અનન્ય સંશોધન પ્રોજેક્ટ્સ અને અભ્યાસક્રમનો અનુભવ કરવા મેળાની મુલાકાત લીધી હતી અને તેમાં ભાગ લીધો હતો.